બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ

સંચાલિત

# આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ,, પાલનપુર

જી.ડી. મોદી વિદ્યા સંકુલ, એસ.ટી. વર્કશોપની સામે, હાઇવે, પાલનપુર.- ૩૮૫૦૦૧, જિ.: બનાસકાંઠા.

R.R.M. Sc. & C.L.P. COM. COLLEGE PALANPUR

## પ્લાન્ટ કલેકટર (વનસ્પતિશાસ્ત્ર) અને લેબ.આસિસ્ટન્ટ (વનસ્પતિશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર) બિનઅનામત વર્ગ-૩ ની MCQ આધારિત ભાગ-૧ અને ૨ ની સંયુક્ત પરીક્ષા

પરીક્ષા તા. **01/05/2026:** પ્લાન્ટ કલેકટર (વનસ્પતિશાસ્ત્ર) સમય: બપોરે **03-00** થી **06-00**

પરીક્ષા તા. **02/05/2026:** લેબ.આસિસ્ટન્ટ (વનસ્પતિશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર) સમય: બપોરે **03-00** થી **06-00**

## ઉમેદવારો માટે અગત્યની સુચના

(1) પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે. જાહેરાત અન્વયે ઉમેદવાર તમામ જરૂરી લાયકાત અને શરતો સંતોષે છે તેમ માનીને શરતી પ્રવેશ આપવામાં આવશે.

(2) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત અને શરતો પરિપૂર્ણ કરતાં ન હોય તો આ સૂચના અન્વયે આપને આ પરીક્ષામાં નહિ બેસવા માટે સલાહ આપવામાં આવે છે.

(3) નિર્ધારિત પરીક્ષા સમય કરતા 01-કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

(4) આ જગ્યાની ભરતી માટે ગુજરાત સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક: કવટ / isc3/વર્ગ/3-NOC/૨૦૬૫૬-૫૭, તા.૨૩/૦૯/૨૦૨૫ની શરતોને આધિન રહેશે.

(5) પરીક્ષા શરુ થયા પછી થી પ્રવેશ મળી શકશે નહિ.

(6) ઉમેદવારે કોલેજ કેમ્પસમાં પ્રવેશ મેળવવા માટે પોતાનો પ્રવેશપત્ર અને હાજરી પત્રક (નિયત જગ્યાએ પોતાનો તાજેતરનો ફોટો લગાવવો) સાથે લાવવું ફરજિયાત છે, અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

(7) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(8) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

(9) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક સરકાર માન્ય ઓળખપત્રની ઓરિજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

(10) ઉમેદવાર વાદળી/કાળી બોલ પેનથી OMR શીટમાં ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ ઉપયોગ OMR શીટમાં કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી. OMR બદલીને બીજી આપવામાં આવશે નહિ, જેથી OMR વળે નહિ, કરચલીઓ પડે નહિ કે ફાટી ન જાય તેની કાળજી લેવી.

(11) આપવામાં આવેલ પ્રશ્નપત્રમાં ભાગ-૧માં ૯૦ અને ભાગ-૨માં ૧૨૦ પ્રશ્નો પુરેપુરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાત્રી કરી લેવાની રહેશે. જો પ્રશ્નો પુરા છપાયેલા ન હોય અથવા પાનું ફાટેલું હોય કે કોઈ પાનું સામેલ ન હોય અથવા અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ ખંડ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા ચોક્કસથી બદલાવી લેવી.

(12) આ પ્રશ્નપત્રમાં ભાગ-૧માં ૯૦ અને ભાગ-૨માં ૧૨૦ કુલ ૨૧૦ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નોના ઉત્તર A,B,C, અને D કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ આપવા ન માંગે તો OMR શીટમાં આપવામાં આવેલ વિકલ્પ E ઉત્તર તરીકે પસંદ કરી શકે છે. બધાજ જવાબ આપવા ફરજીયાત છે. તમામ પ્રશ્નોના ઉત્તર OMR શીટમાં જ આપવાના છે.

(13) પ્રત્યેક સાચા જવાબ દીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઇનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

Scanned with OKEN Scanner

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ(E) ઘાટું કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહીં.
- જવાબચાવી (Answer Key) ફાઇનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (1) ગુણ મળવાપાત્ર થશે.

(14) પરીક્ષા શરુ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહિ. પરીક્ષા પૂર્ણ થયા પછી જ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(15) ઉમેદવારે પ્રશ્નપત્રના પ્રથમ પાનાં ઉપર પોતાનો બેઠક નંબર, પેપર કોડ અને પેપર સેટ ફરજીયાત લખવાનો રહેશે.

(16) પ્રશ્નપત્ર તથા OMR શીટમાં ઉમેદવારે નિર્દિષ્ટ કરવામાં આવેલ જગ્યા સિવાય અન્ય જગ્યાએ બેઠક નંબર લખવો નહિ તથા પોતાની ઓળખ છતી થાય તે રીતે નામ કે અન્ય કોઈ નિશાની કરવી નહિ. તેમ છતાં કોઈ નિશાની કે ઓળખ કર્યાનું જાણમાં આવશે તો તેવા ઉમેદવારને ગેરશિસ્ત માટે જવાબદાર ગણીને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

(17) OMR શીટમાં ઉમેદવાર તથા ખંડ નિરીક્ષકની સહી લેવી ફરજીયાત છે. બંનેની સહીં વિનાની OMR શીટ વાળા ઉમેદવાર પરીક્ષામાં ગેરલાયક ઠરશે.

(18) પરીક્ષા ખંડમાં ચાલુ પરીક્ષાએ અંદરો અંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે ખંડ નિરીક્ષકની સૂચનાઓનું પાલન ન કરવું કે અન્ય પ્રકારની ગેરરીતી કરવી તેને ગેરશિસ્ત તરીકે ગણવામાં આવશે.

(19) .ઉમેદવારે પરીક્ષા ખંડમાં મોબાઈલ, ડીજીટલ વોચ, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો સાથે પ્રવેશ કરવો નહિ. જો ઉમેદવાર પાસેથી ઉપરોક્ત કોઈ ઉપકરણ સાથે પરીક્ષાખંડમાં પ્રવેશ કરશે તો ગેરશિસ્ત ગણવામાં આવશે.

(20) ઉમેદવાર પાસેથી પરીક્ષા સમયે કોઈ પણ પરીક્ષા લગતું સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી તથા અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય મળશે તો તેને ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષામાં ગેરલાયક ઠેરવવામાં આવશે.

(21) ઉમેદવારે ભૂરી (વાદળી) અને કાળી બોલ પેઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય કલરની શાહી કે પેન કે પેન્શિલ તથા સફેદશાહી, બ્લેડ કે રબ્બર કે અન્ય કે અન્ય રીતે OMR શીટમાં સુધારા કરી શકશે નહિ અને જો સુધારા કરવામાં આવેલ હશે તો તેવા સુધારા માન્ય ગણવામાં આવશે નહિ.

(22) ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકનું અડધિયું તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (OMR Sheet), પરિક્ષાખંડના નિરીક્ષકશ્રીએ પરત સોપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરિક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને આ ઉમેદવાર સામે કાયદેસરની કાર્યવાહી મંડળ/સંસ્થા દ્વારા કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ પોતાની પાસે રાખી શકશે.

(23) ઉમેદવાર રફ કામ માટે પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમજ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

(24) પરીક્ષા ખંડમાં આપવામાં આવે તે સૂચનાઓનુ પાલન કરવાનું રહેશે.

**Principal**
R. R. Mehta College of Science &
C. L. Parikh College of Commerce
PALANPUR - 385001.

Scanned with OKEN Scanner